RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 252* Date: 02.07.2023, Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ગુજરાતના છ તાલુકાઓમાં ૮ ઈંચથી વધુ વરસાદ

# વિસાવદરમાં સૌથી વધુ ૧૬ ઈંચ ખાબક્યો



અમદાવાદ: ગુજરાતમાં સત્તાવાર ચોમાસાની શરૂઆત થઈ ચુકી છે. ત્યારે રાજયભરમાં સાર્વત્રિક વરસાદના પરિણામે નાગરીકો ખાસ કરીને ખેડૂતો ખુશખુશાલ થઈ ગયા છે. રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ ૨૭ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકામાં સૌથી વધુ ૧૬ ઈંચ એટલેકે ૩૯૮ મિ.મી. વરસાદ નોંધાયો છે. રાજયના ૬ તાલુકાઓમાં ૮ ઈંચથી વધુ વરસાદ તથા રાજયના અન્ય ૧૩ તાલુકાઓમાં ૬ ઈંચથી વધુ વરસાદ સહિત રાજયના અન્ય ૧૮૭ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.રાજયનો કુલ સરેરાશ વરસાદ ૨૭.૭૨ ટકા જેટલો નોંધાયો છે. જેમાં કચ્છ ઝોનમાં સૌથી વધુ ૮૭.૩૩ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૪૧.૧૮ ટકા, ઉત્તર ગુજરાત ઝોનમાં ૨૭.૬૫ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૨૦.૮૧ ટકા, પૂર્વ ગુજરાત ઝોનમાં ૧૬.૫૯ ટકા મોસમનો કુલ સરેરાશ નોંધાયો હોવાના અહેવાલ છે.રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તારીખ ૧ જુલાઈ ૨૦૨૩ના રોજ સવારે ૬.૦૦ કલાક પુરા થતાં ૨૪ કલાક દરમિયાન જામનગર તાલુકામાં ૨૬૯ મિ.મી., કપરાડામાં ૨૪૭ મિ.મી., અંજારમાં ૨૩૯ મિ.મી., ખેરગામમાં ૨૨૨ મિ.મી., ભેંસાણમાં ૨૦૪ મિ.મી મળી કુલ ૬ તાલુકાઓમાં ૮ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. જયારે બગસરામાં ૧૯૭ મિ.મી., બેચરાજીમાં ૧૭૨ મિ.મી., ધરમપુરમાં ૧૭૦ મિ.મી., રાજુલામાં ૧૬૭ મિ.મી., ચીખલીમાં ૧૫૮ મિ.મી., ડાંગ (આહ્વા)માં ૧૫૫ મિ.મી., વઘઈમાં ૧૫૪ મિ.મી. એમ કુલ ૧૩ તાલુકાઓમાં ૬ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત જુનાગઢ તાલુકા અને જુનાગઢ શહેરમાં ૧૪૮ મિ.મી., વલસાડમાં ૧૪૧ મિ.મી., વંથલી અને વાંસદામાં ૧૪૦ મિ.મી., જામકંડોરણામાં ૧૩૬ મિ.મી., બરવાડામાં ૧૩૫ મિ.મી., બારડોલીમાં ૧૩૨ મિ.મી., વાપી અને ગણદેવીમાં ૧૨૫ મિ.મી., અમરેલી, જેતપુર અને વ્યારામાં ૧૨૩ મિ.મી., ગાંધીધામમાં ૧૧૬ મિ.મી., વાડિયામાં ૧૧૫ મિ.મી., મેંદરડા અને ખાંભામાં ૧૧૧ મિ.મી., ગીર ગઢડામાં ૧૧૦ મિ.મી.,લિલીયા અને મહુવામાં ૧૦૭ મિ.મી., ધંધુકામાં ૧૦૬ મિ.મી., સુબીરમાં ૧૦૪ મિ.મી., જલાલપોરમાં ૧૦૧ મિ.મી. એમ કુલ ૩૬ તાલુકાઓમાં ૪ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. પારડી અને ડોલવણમાં ૯૯ મિ.મી., ધ્રોલ અને નવસારીમાં ૯૫ મિ.મી., જોડીયા અને પ્રાંતિજમાં ૯૧ મિ.મી., ઉમરપાડા ૯૦ મિ.મી., વાલોદમાં ૮૮ મિ.મીથી વધુ વરસાદ નોંધાયો છે. ૭૫ તાલુકાઓમાં ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. તેમજ રાજયના અન્ય કુલ ૧૧૮ તાલુકાઓમાં ૧ ઈંચથી વધુ વરસાદ નોંધાયા હોવાના અહેવાલ છે.

રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તારીખ ૧ જુલાઈ ૨૦૨૩ના રોજ સવારે ૬.૦૦ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા સુધીમાં ૧૨૮ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ વરસાદ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં તેમજ જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકામાં ૧૫૨ મિ.મી ૬ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. વિસાવદર તાલુકામાં ૧૩૭ મિ.મી., ધારીમાં ૧૩૦ મિ.મી., ખેરગામ તાલુકામાં ૧૧૨ મિ.મી. અને પારડીમાં ૯૮ મિ.મી. વરસાદ એટલે કે ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત વાપી, જલાલપોર, મહુવા, વલસાડ, ચિખલી, તલાલા, નવસારી, વાંસદા, બગસરા, સિધ્ધપુર, વઘઈ અને મેંદરડા તાલુકાઓમાં ૪ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે.

## પંજાબી સિંગર રણજીત સિદ્ધુએ કર્યો આપઘાત



મનોરંજન જગતમાંથી ખરાબ સમાચાર સામે આવી રહ્યા છે. પંજાબી લોક ગાયક રણજીત સિદ્ધુએ આત્મહત્યા કરી લીધી છે. ગઈકાલે રાત્રે રેલવે ટ્રેક પાસે એક મૃતદેહ મળી આવ્યો હતો, પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતું કે આ મૃતદેહ અન્ય કોઈ નહી પણ રણજીત સિદ્ધુની છે. જેઓ સુનામમાં રહેતા હતા. અહેવાલો અનુસાર સિંગરે સંબંધીઓથી કંટાળીને આત્મહત્યા કરી લીધી હતીરણજીત સિદ્ધુના આત્મહત્યા કેસમાં જીઆરપી એસઆઈનું નિવેદન પણ સામે આવ્યું છે. મળેલા અહેવાલો અનુસાર જીઆરપી અને એસઆઈ જગવિંદર સિંહ અને નરદેવ સિંહે જણાવ્યું કે પોલીસને ગઈકાલે રાત્રે રેલવે ટ્રેક પાસે એક મૃતદેહ મળ્યો હતો. પોલીસે તપાસ કરી તો ખબર પડી કે આ લાશ બીજા કોઈની નહી પણ નછત્તર સિંહના પુત્ર રણજીત સિંહની છે. આ ઉપરાંત રણજીત સિદ્ધુની પત્નીનું નિવેદન પણ સામે આવ્યું છે. સિંગરની પત્નીનો આરોપ છે કે પતિનો સંબંધીઓ સાથે ઝઘડો ચાલતો હતો. તેના સંબંધીઓ તેને સતત ત્રાસ આપતા હતા.

## ૨૦૦૨ રમખાણોમાં ગુજરાતની બદનામીનો કેસ: કોર્ટે તિસ્તા સેતલવાડને સરેન્ડર કરવા આદેશ કર્યો



અમદાવાદ: ગુજરાત હાઈકોર્ટમાં તિસ્તા સેતલવાડ દ્વારા રેગ્યુલર જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. જેને કોર્ટે આજે ફગાવી દીધી હતી અને અવલોકન કર્યું હતું કે, કેસની ગંભીરતાને જોતા જામીન આપી શકાય તેમ નથી. કેસની તપાસ અને ચાર્જશીટમાં તિસ્તાએ સહકાર આપવો જોઈએ. જામીન અરજી ફગાવી દઈને તેમને તાત્કાલિક સરેન્ડર થવાનો આદેશ આપ્યો છે. તીસ્તા પર ૨૦૦૨ના ગોધરાકાંડ બાદના રમખાણો સાથે જોડાયેલા કેસોમાં પુરાવા સાથે છેડછાડ અને સાક્ષીઓને ટ્રેનિંગ આપવાનો આરોપ છે.સેતલવાડની જામીન અરજી પર જસ્ટિસ નિર્જલ દેસાઈએ ચુકાદો સંભળાવ્યા બાદ વરિષ્ઠ વકીલ મિહિર ઠાકોરે કોર્ટને આ ચુકાદાના અમલ પર ૩૦ દિવસ માટે રોક લગાવવાની વિનંતી કરી હતી પરંતુ જસ્ટિસ દેસાઈએ આ વિનંતી ફગાવી દીધી હતી. હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટમાં અપીલ ન થાય ત્યાં સુધી આ નિર્ણય પર રોક લગાવવાની તિસ્તાના વકીલની માંગને પણ ફગાવી દીધી છે. આ ઉપરાંત સેશન્સ કોર્ટમાં ચાલતા કેસમાં પણ તિસ્તાને સહકાર આપવા કોર્ટે આદેશ આપ્યો હતો. સેતલવાડને સુપ્રીમ કોર્ટે સપ્ટેમ્બર ૨૦૨૨માં આપેલા વચગાળાના જામીન પર સુપ્રીમ કોર્ટે અત્યાર સુધી ધરપકડથી રક્ષણ આપ્યું હતું. ત્યારબાદ તેમને આ કેસમાં જ્યુડિશિયલ કસ્ટડીમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી મોદીને ક્લિનચીટ આપતા એસઆઈટી રિપોર્ટને પડકારતી ઝાકિયા જાફરીની અરજી પર સુનાવણી કરતા કહ્યું કે તિસ્તા સેતલવાડ પોતાનો સ્વાર્થ સાબિત કરવામાં વ્યસ્ત છે. કોર્ટેસંજીવ ભટ્ટ અને આર બી શ્રીકુમાર મારફતે ખોટી એફિડેવિટ ફાઈલ કરવાનો પણ ઉલ્લેખ કર્યોહતો.

## ફરીથી ટાઇટેનિકનો કાટમાળ જોવા જઈ શકાશે, કંપનીએ બહાર પાડી નવી જાહેરાત



તા.૧

થોડા દિવસ પહેલાં જ સમુદ્રમાં રેહલ ટાઈટેનિક જહાજનો કાટમાળ જોવા સબમરીન દ્વારા ગયેલા લોકોએ જીવ ગુમાવ્યો હતો. તેમાં પાકિસ્તાની અબજોપતિ, તેમનો પુત્ર સહિત પાંચ લોકોના મોત થયા હતા. જ્યારે સબમરીનનું બહારની દુનિયા સાથે જોડાણ થોડા દિવસોમાં તૂટી ગયું, ત્યારે ઘણા દેશોએ તેને બહાર કાઢવાના પ્રયાસો શરૂ કર્યા. જોકે, પાંચેયને સુરક્ષિત રીતે બચાવી શકાયા ન હતા. આ ઘટનાને માત્ર દસ દિવસ જ થયા છે, તે પહેલા સબમરીનનું સંચાલન કરતી ઓસએનગેટ કંપનીએ ફરીથી એડ બહાર પાડી છે, આ જાહેરકાત સબમરીનની આગામી સફર વિશે છે, જેમાં સમુદ્રની અંદર જઈને લોકોને ટાઈટેનિકનો કાટમાળ બતાવવામાં આવે છઆ જાહેરાત 'ીક્રહપ્સઙ્ઘી કંપનીની વેબસાઈટ પર છે. તે સામે આવ્યા બાદથી વિવાદ ઉભો થયો છે. કંપનીની વેબસાઈટ અનુસાર, આ સફર આવતા વર્ષ માટે છે. તેની ટ્રીપ ૧૨ જૂનથી ૨૦ જૂન વચ્ચે રાખવામાં આવી છે. ટિકિટની કિંમત અઢી લાખ ડોલર છે. બીજી ટ્રીપની તારીખ ૨૧ જૂનથી ૨૯ જૂન નક્કી કરવામાં આવી છે. કંપનીની વેબસાઈટ પર વર્ષ ૨૦૨૪ માટે બે તારીખો રાખવામાં આવી છે. ટિકિટની કિંમતમાં એક સબમરીન ડાઈવ, ખાનગી આવાસ, તમામ જરૂરી તાલીમ, અભિયાનના સાધનો અને તમામ ઓનબોર્ડ ભોજનનો સમાવેશ થાય છે.

## ફરી દુનિયાને તબાહ કરવાની તૈયારીમાં છે ચીન, આ વખતે 'તન' નહી પરંતુ 'ધન' પર કરશે હુમલો

તા. ૧

કોરોના મહામારીમાંથી હજુ તો માંડ ઉભા થયા છીએ ત્યા ચીન ફરી દુનિયાને બરબાદ કરવાની તૈયારી કરી રહ્યું છે. બસ તેમા ફરક એટલો છે કે કોરોના વખતે તેણે લોકોના જીવ પર હુમલો કર્યો હતો તો વખતે તે દેશના અર્થતંત્ર પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યુ છે. ગ્લોબલ એજન્સી બ્રૈડ સેટસરે તાજેતરમાં પોતાના એક રિપોર્ટમાં કહ્યું હતું કે, ચીન ગ્લોબલ ઈકોનોમી પર એક નવી રીતે મુશ્કેલી પેદા કરવા જઈ રહ્યું છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ચીન ૬ લાખ કરોડ ડોલર રુપિયાના ઢગલા પર બેઠુ છે,

## લખીમપુર ખીરી પોલીસે ૪ વર્ષના બાળક સામે FIR નોંધી





લખીમપુર ખીરી, તા. ૦૧

લખીમપુર ખીરી જિલ્લાની પોલીસના અજબ-ગજબ કારનામાં સામે આવતા રહા છે. અગાઉ બંદૂકની અણીએ પ્લોટનો કબજો લેવા બદલ ચાર વર્ષ પહેલાં મૃત્યુ પામેલા વૃદ્ધ સામે જિલ્લા પોલીસે ગુનો નોંધ્યો હતો અને હવે બકરા ચરાવવા બાબતે બે જૂથ વચ્ચે થયેલી મારામારી મામલે ૪ વર્ષના માસૂમ બાળક પર મારપીટ જેવી ગંભીર કલમો હેઠળ ક્લૈંઇ દાખલ કરવામાં આવી છે.ખીરી પોલીસ સ્ટેશન વિસ્તારના સોંથપુર ગામના રહેવાસી કૃષ્ણપાલનો તેના પડોશીઓ સાથે બકરા ચરાવવાને લઈને વિવાદ થયો હતો. બીજા જૂથના લોકોએ કૃષ્ણપાલ સહિત તેની પત્ની, ૧૧ વર્ષની પુત્રી અને તેના ૪ વર્ષના પુત્ર સામે મારપીટ જેવી ગંભીર કલમો હેઠળ કેસ નોંધ્યો હતો.૪ વર્ષના માસૂમ બાળક પર મારપીટ જેવી ગંભીર કલમો હેઠળ ક્લૈંઇ નોંધવાના સમાચાર સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ લખીમપુરના સીઓ સંદીપ સિંહે આ મામલાને ગંભીરતાથી લઈને કેસમાંથી બાળકનું નામ હટાવવાનો સંકેત આપ્યો છે.સીઓ સંદીપ સિંહે જણાવ્યું કે, મામલો સામે આવ્યો છે કારણ કે, ફરિયાદી અરજી જ્યારે પોલીસ સ્ટેશનમાં આવે છે ત્યારે તેમાં આરોપીની ઉંમરનો ઉલ્લેખ કરવામાં નથી આવતો. એપ્લિકેશન આપનાર તેની માહિતી નથી આપતા. એક કેસ દાખલ કરવામાં આવ્યો છે જેમાં બાળકનું નામ પણ સામેલ છે. આ તપાસનો વિષય છે. જો બાળક આ ઘટનામાં સામેલ ન હોય તો તેનું નામ ક્લૈંઇમાંથી કાઢી નાખવામાં આવશે.

## જયશંકર એક સક્ષમ વિદેશ મંત્રી છે. કોઈ મતભેદ નથી : શશિ થરૂર

નવીદિલ્હી,તા.૧

કોંગ્રેસ નેતા શશિ થરૂરે લંડનમાં ખાલિસ્તાન સમર્થકો દ્વારા ભારતીય ધ્વજ નીચે ઉતારવાની ઘટના પર વિદેશ મંત્રી (એસ જયશંકર) દ્વારા કરવામાં આવેલી ટિપ્પણી પર સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યું કે તેમને વિદેશ મંત્રી એસ જયશંકર સાથે કોઈ મતભેદ નથી. આ સાથે તેમણે જયશંકરને લાયક વિદેશ મંત્રી ગણાવ્યા છે.

## તંત્રી લેખ......

# કુંડળીના યોગો અને ભાગ્યવાન જાતક

નમસ્કાર સૌ જિજ્ઞાસુ મિત્રોને! આ કોલમને લોકપ્રિય બનાવનાર તમામ જાતકો તેમજ રીડર બિરાદરોનો આભાર અને તેમની જિજ્ઞાસાને પ્રણામ! કુંડળી અભ્યાસ આમ જોઈએ તો માત્ર દસ મિનિટનું કાર્ય અને બીજી રીતે જોઈએ તો કુંડળી અભ્યાસ એક જટિલ કાર્ય છે. જાતકની કુંડળી એટલે જન્મ સમયે ગોચરની સ્થિતિનો સ્ક્રીનશોટ જ્યારે એક અભ્યાસુ જ્યોતિષાચાર્ય એ કુંડળીનો અભ્યાસ કરે છે ત્યારે સતત તે વર્તમાન ગોચર પરિભ્રમણ સાથે તેની સરખામણી કરે છે. અને તે પ્રમાણે કયા ગ્રહોની સ્થિતિ શુભસ્થાનમાં, કયા ગ્રહોની સ્થિતિ અશુભ સ્થાનમાં, કયા ગ્રહોની દૃષ્ટિ કોની પર, બલાબલ સ્થિતિ અને કયા કયા ગ્રહોની યુતિ છે તેના પર વિચાર કરવાની સાથે જાતકનો જન્મ કયા નક્ષત્રમાં, નક્ષત્રના કયા ચરણમાં અને નક્ષત્ર સ્વામી કોણ તેના પર પણ વિચાર થાય છે.

સતત કુંડળીનો અભ્યાસ કરતાં એ નિરીક્ષણમાં આવ્યું છે કે સામાન્ય રીતે કુંડળીમાં કોઈ એકાદ યુતિ હોય છે. એકાદ સારો યોગ અને બીજો કોઈ દુર્યોગ હોય છે. સામાન્ય રીતે મોટાભાગની કુંડળીઓમાં બુદ્ધાદિત્ય યોગ જોવા મળતો હોય છે. ત્યારપછી અંગારક યોગની સ્થિતિ જોવા મળે છે. વિષયોગ અને કેમદ્રુમ યોગની પરિસ્થિતિ પણ જોવા મળે છે. હા, અમુક કુંડળીઓમાં ગજકેસરી યોગ તેમજ લ-મીયોગ જોવા મળે છે. ઘણી કુંડળીઓમાં કેન્દ્ર સ્થાને શુભગ્રહોની ઉપસ્થિતિ ઉત્તમ યોગનું નિર્માણ કરે છે. આજે જિજ્ઞાસુ જાતકો સાથે મારા દ્વારા કરાયેલ એક કુંડળી અભ્યાસનું વિશ્લેષણ ફરી એકવાર રજૂ કરવા માંગું છું. જન્મ સમયના ગ્રહોની સ્થિતિ જાતકને અમીર કે ફકીર બનાવે છે. આજની કુંડળી કે જે હું વિશ્લેષણ કરવા જઈ રહ્યો છું તેમાં એક નહીં, બે નહીં, ત્રણ નહીં પરંતુ છ-છ યોગનું નિર્માણ તેમજ ત્રણ-ત્રણ દુર્યોગનું નિર્માણ જાતકને સફળતાની સિદ્ધિઓ પર પહોંચાડે છે.

વૃશ્ચિક લગ્ન તેમજ વૃશ્ચિક રાશિ ધરાવનાર આ જાતકનો જન્મ કૃષ્ણપક્ષની સાતમની તિથિએ અનુરાધા નક્ષત્રના બીજા ચરણમાં ઊંઝા મુકામે તા. ૩-૩-૧૯૮૬ના રોજ થયો છે. જાતકની કુંડળીમાં સ્વગૃહી મંગળ કેન્દ્ર સ્થાનમાં રહી ‘રુચક યોગ’નું નિર્માણ કરે છે. ઉપરાંત અહીં મંગળ સાથે ચંદ્ર યુતિ ‘લ-મીયોગ’ રચે છે. જાતક સમૃદ્ધિમાં મહાલે, માન-પાન પામે. અહીં એક દુર્યોગ પણ બને છે. રાહુ-મંગળ ષડાષ્ટક યોગથી જાતકના જીવનમાં ઓપરેશન યોગ/અકસ્માત યોગ પણ રચે છે. (જે જાતકે પોતે કબૂલ્યું કે આવી ઘટના ઘટી ચૂકી છે.)

# પહેલી બારીશમે ભીગના જી ચાહતા હૈ

(તખુભાઈ સાંડસુર)



કેટલાંક વિષયો એવાં હોય છે કે જેના શરણમાં કોઈપણ કલાને જવું જ પડે.તેની સાથે તેનું ગાઢ આલિંગન ન હોય તેવું ભાગ્ય જ દેખાય છે.તે વિષય? છે કૃષ્ણ અને બારીશ.સૌથી પહેલાં કૃષ્ણને ગણવો પડે. કૃષ્ણ એક એવું પાત્ર છે કે જ્યાં સમસ્યાઓનું સમાધાન હોય, વિડંબનામાં આનંદ હોય અને ઉદ્વેગમાં ઉલ્લાસનો રણકો હોય,અભાવ હોય તો પણ તેનાં પ્રભાવમાં પ્રેમની છોળોમાં તેં ભીંજવતો હોય.બારીશ તો બસ વો હિ હૈ જો સતાતા હૈ ફિર ભી ભાતા હૈ,બસ? કૃષ્ણ જ જોઈ? લો!

આપણે સૌ ભૌતિકતાના ઠઠારામાં ક્યાંક દબાઈ,કચડાઈ રહ્યાં છીએ.તો પણ પ્રકૃતિ અને તેના તત્વો સૌ કોઈને ગુરુત્વાકર્ષણના બળથી પણ વધું સૌને ખેંચી રહ્યાં છે.ઘણી વખત મેં એ પણ નોંધ્યું છે કે જ્યાં સમાનતા હોય ત્યાં સિદ્ધિ હોય છે અને સિદ્ધિ હોય ત્યાં સૌંદર્ય અને સુખનો અનુભવ પોતે કરે અને બીજાને પણ કરાવતા રહે. એટલે કે પુષ્પ પોતે તો સૌંદર્ય રૂપ છે જ પરંતુ તેનું દર્શન માત્ર અનેક આંખોને ઠંડકનો અહેસાસ કરાવતું રહે.એટલે જ સૌને વરસાદ ભીંજવે છે.

સૌ કોઈને પહેલો વરસાદ તન અને મનથી તરબોળ કરી દે છે.તનથી તો તરબોળ થઈએ પરંતુ મન હાશકારો અનુભવે તે અનુભૂતિમાં રોમાંચ પણ સમાયેલો છે. કોઈ પ્રણયની પરાકાષ્ઠામાં દિલ ખાલી કરી કોઈ ભેટ આપવી હોય તો પહેલાં વરસાદની આપવી જોઈએ.જ્યાં તમને કોરા રહેવાની છૂટ નથી અને ઠંડકની ધ્રુજારી તમને ડરાવતી નથી તે પહેલી બારીશ !તે એટલે પ્રિય છે કે જ્યાં સૌર ગરમીના ઉકળાટ પછી અહલાદક શીતળતાનો અનુભવ થાય છે. જ્યારે કોઈ પરાકાષ્ઠા સુધી આપણી લાગણીઓને લઈ જાય અને પછી તેમાં એક અકલ્પનીય કહી શકાય તેવો મોડ આવે તો આપણું મન મયુર થઈ વાંચી ઉઠે, અધિક ઉલ્લાસ અનુભવી શકે. તેથી તેથી કવિ યોગેશ કહે છે

"રીમઝીમ ગીરે સાવન, સુલગ સુલગ જાયે મન, ભીગે આજ ઈસ મૌસમ મેં લગી કેસી અગન"વરસાદમાં મન જેની પાસે જવુ છે ત્યાં ગુગલ વગર પહોંચી જાય છે.વરસાદમાં ભીંજાઈએ છીએ છતાં કોઈ એવી આગ લાગી છે કે જે વરસાદ બુજાવી શકે તેમ નથી. એક બાજુ શીતળતા તો બીજી બાજુ મિલનની આગનું બેકાબુ જોમ !

વરસાદના એ ફોરા માટીને સુગંધમાં રગદોળે છે અને તેમાં રંગોદોળાયેલા બાળકને પણ કાલુઘેલું લાગે છે.બાળક પણ જ્યારે પહેલો વરસાદ પડે ત્યારે જાણે કે હેલી તેની માં છે તેમ સમજીને તેની પાસે દોડી જાય છે કારણ કે તે બંને પ્રકૃતિના નિર્દોષ સંતાનો છે. પ્રકૃતિના બધાં જ તત્વો વરસાદના આગમનને સ્ટેન્ડિંગ ઓવીએશન અથવા હાથ ઊંચા કરીને આવકારતાં હોય એવો સંચાર પશુ- પક્ષી અને જીવજંતુ માત્રમાં થાય છે. મોરલાનો ગહેકાટ દેડકાઓનો ડાંઉઆરવ મોડીરાત સુધી ઉંઘને આધી પાછી કરી દે છે.

પ્રેમને તો ભીંજાઈને ધાટો થવાનો આ મધમીઠો ઉત્સવ છે.સોમાચું આસપાસ છે તો તેની સાથે તડપનનો સુર્યાસ્ત પણ દુર નથી.વરસાદ માટે લખાયેલી રમેશ પારેખની એ લાઈન કેવો કેફ ચડાવે છે.

"અહીં આપણે બે અને વરસાદ ભીંજવેમને ભીંજવે તું તને વરસાદ ભીંજવે "

છેલ્લે...પોરસાવાળાનો ચારણ પહેલાં વરસાદની લાલચે જ સોરઠમાં ઉતર્યો પણ પીટ્યો એ વરસાદ ચારણને ભાદરમાં તાણી જઈ જાણે તેના જીવતરને કાદવ કરી નાંખે છે.

# અમિત શાહના હસ્તે બીજી જુલાઈએ સાબરમતી રિવર ક્રુઝનું વર્ચ્યુઅલી ઉદ્‌ઘાટન કરાશે

અમદાવાદ,તા.૧

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા તૈયાર કરાયેલ ઉદઘાટન કરાયા પછી એક સપ્તાહ બાદ સાબરમતી રિવર ક્રુઝ/ફ્લોટિંગ રેસ્ટોરેન્ટ કોમર્શિયલ ધોરણે કાર્યરત થશે. એએમસીના મહત્વાકાંક્ષી સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ. પ્રોજેક્ટમાં વધુ એક આકર્ષણનો ઉમેરો થયો છે. એસઆરએફડીએલ દ્વારા પીપીપી ધોરણે શરૂ થનારા ફ્લોટિંગ રેસ્ટોરાં/રિવર ક્રૂઝમાં આમ, હવે અમદાવાદીઓ હવે વિદેશ કે ગોવાની જેમ પાણીની વચ્ચે શિપમાં બેસી અને જમવાની મજા માણી શકશે. રૂ. ૧૦ કરોડના ખર્ચે આ ફ્લોટિંગ રેસ્ટોરાં ક્રૂઝ તૈયાર કરાયું છે. નદીના ઉપયોગ બદલ અક્ષર ટ્રાવેલ્સ દ્વારા વાર્ષિક રૂ. ૪૫ લાખની લાઈસન્સ ફી પેટે સાબરમતી રિવરફ્રન્ટ તંત્રને ચૂકવશે. ગત ફેબ્રુઆરીમાં વલસાડના ઉમરગામથી આ ક્રૂઝને રિવરફ્રન્ટ પર લાવવામાં આવી હતી.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હિતેશ બારોટે જણાવ્યું હતું કે, સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ હાથ ધરાયો ત્યારથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સ્વપ્ન હતું કે, સાબરમતી નદીમાં ક્રૂઝ રેસ્ટોરાં મળે અને સહેલાણી અને નાગરિકોને આવી ક્રૂઝ રેસ્ટોરાંની મજા માણવા બહાર જવું પડશે નહીં.

ફ્લોટિંગ રેસ્ટોરન્ટમાં ઉપર અને નીચે એમ બે જગ્યાએ લોકો બેસીને ફૂડની મજા માણી શકશે. ક્રૂઝની નીચેનો ભાગ આખો કાચથી કવર કરેલો અને સેન્ટ્રલી છઝ્ર હશે. ક્રૂઝની પાછળના ભાગમાં કિચન બનાવાશે. ક્રુઝમાં ટીવી, પ્રોજેક્ટર, લાઈટિંગ, ડીજે સાઉન્ડ સિસ્ટમ, લાઈફ્ સેવિંગ સિસ્ટમ, વગેરે સુવિધાઓ હશે. ક્રૂઝમાં બેસી બંને તરફ્ સાબરમતી નદીનો નજારો જોતા ફૂડની મજા માણી શકાય તે રીતે ટેબલ ગોઠવવામાં આવશે. સરદાર બ્રિજથી ગાંધી બ્રિજ સુધીના એક રાઉન્ડ માટે દોઢ કલાકનો સમય લાગશે. સરદાર બ્રિજ અને અટલ બ્રિજ વચ્ચે જેટી તૈયાર કરવામાં આવશે.

# ગુરૂ વંદનાનો દિવસ "ગુરૂપૂર્ણિમા"

ગુરૂ બીન જ્ઞાન ન ઉપજે,
ગુરૂ બીન મીલે ન ભેદ,
ગુરૂ બીન સંશય ન મિટે,
ભલે વાંચો ચારો વેદ



અષાઢીપૂર્ણિમા એટલે મહાભારત રચયિતા ભગવાન વેદ વ્યાસજીની જન્મજયંતી. વેદ વ્યાસજીને ભગવાન વિષ્ણુના અંશ તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ દીવસને "ગુરૂ પૂર્ણિમા" તરીકે ઉજવવામાં આવે છે.

બૌદ્ધ ધર્મ તેમજ જૈન ધર્મમાં પણ ગુરુ પૂર્ણિમા ખુબ શ્રદ્ધા પૂર્વક મનાવવામાં આવેછે. પૌરાણિક ગ્રંથો અનુસાર ભગવાન શિવે સપ્ત ઋષિઓને યોગ અને એવા ઘણા બધા પ્રકારનું જ્ઞાન આપેલ તો ભગવાન શિવને પ્રથમ ગુરૂ તરીકે પણ માનવામાં આવે છે.

ગુરૂ શબ્દનો અર્થ અંધકારને દુર કરી પ્રકાશ ફેલાવવો એવો થાય છે. ગુ એટલે અંધકાર અને રૂ એટલે પ્રકાશ. ગુરૂ શિષ્યના જીવનમાં અંધકારને દુર કરી પ્રકાશ ફેલાવે છે.

ગુરૂને ભૌતિક સંસાર અને ઈશ્વર સાથે સેતુ પણ માનવામાં આવે છે. કોઈ પણ પ્રસિદ્ધ હસ્તીને મળવું હોય તો એનાં સેક્રેટરી મારફત મળી શકાય તેમ પ્રભુને પામવા હોય તો ગુરૂની આવશ્યકતા છે. આમતો દરેક મનુષ્યના પ્રથમ ગુરૂ તેના માતાપિતા હોય છે પરંતુ ગુરૂ વિના જ્ઞાન ન ઉપજે એ ઉક્તિ અનુસાર ગુરુકૃપા વિના જીવનનો સાચો અર્થ અસંભવ છે.

વેદો , પુરાણો,ઉપનિષદો, રામાયણ ,ગીતા , ગુરૂ ગ્રંથ સાહેબ જેવા ધર્મ ગ્રંથોનો અભ્યાસ કરીશું ત્યારે જણાશે કે એમાં ગુરૂનો કેટલો મહિમા વર્ણવ્યો છે.ગુરૂને તો ઈશ્વરથી પણ પર માનવામાં આવ્યા છે. શાસ્ત્રોકત રીતે બે ગુરૂ માનવામાં આવ્યા છે એક શિક્ષાગુરૂ અને બીજા દીક્ષા ગુરૂ . દતાત્રેય પણ ખુદ ઈશ્વર સ્વરૂપ હોવા છતાં પણ તેમને ચોવીસ ગુરૂ કરેલા હોવાનું અવધૂત ગીતામાં વર્ણવેલુ છે.

તુલસી રામાયણમાં પણ તુલસીદાસજીએ ઘણી જગ્યા ગુરૂનો મહિમા વર્ણવ્યો છે તેમને ગુરૂ મહિમા વિશે તો એટલે સુધી લખ્યું કે

"ગુરૂ બિન ભવ નિધિ તરે ન કોઈ જો વિરંચ શંકર સમ હોઈ " અર્થાત્ ભલે કોઈ શંકર સમાન ભલેને કેમ ન હોય પણ એ ગુરૂની કૃપા વગર ભવ સાગર પાર નથી કરી શકતો.

ભવસાગર તો ઠીક પણ કોઈ પણ ક્ષેત્રમાં જો સફળતા મેળવી હોય તો ગુરૂની કૃપા અસંભવ છે . જેમ વિદ્યાર્થીના જીવનમાં શિક્ષક રૂપી ગુરૂ પ્રત્યેક પળે તેમના પથદર્શક બનતા હોય છે . તેમ કોઈ ક્ષેત્રમા સફળતા મેળવવા માટે ગુરૂની કૃપા હોવી અતિ જરૂરી છે .જે કોઈ પણ ક્ષેત્ર જેમકે ચિત્ર, સંગીત ,નૃત્ય કે અન્ય કોઈ પણ ક્ષેત્ર હોય .

સૂર્ય પણ ચંદ્રને પોતાનો પ્રકાશ આપી ચંદ્રને ચમકાવે છે તેમ ગુરૂના સાનિધ્યથી શિષ્યનું જીવન પણ ઝળહળે છે. કોઈ પણ ક્ષેત્ર હોય ચાહે એ ભૌતિક હોય કે આધ્યાત્મિક ગુરૂની કૃપા વગર ઉપલબ્ધિ હાંસલ કરવી એ ખૂબ જ મુશ્કેલ છે.

એવું નથી કે ગુરુ હોય એ માત્ર અધ્યામિક જ્ઞાન આપે

આપણે ઈતિહાસ તરફ નજર તો પુરાતનકાળમાં ગુરૂ આધ્યાત્મિક જ્ઞાન સાથે રાજનૈતિક માર્ગદર્શન પણ આપતા એના પણ ઈતિહાસ માં દાખલા જોવા મળે છે. જ્યારે જ્યારે દ સંકટનાં વાદળો દેશ કે રાજય પર ઘેરાયા હોય ત્યારે ગુરુઓએ જરૂરી માર્ગદર્શન આપી એમાંથી ઉગાર્યા હોવાનું પણ ઈતિહાસમાં લખાયેલું છે.

ગુરૂતો જ્ઞાનનું અસ્ખલિત ઝરણું છે.ભગવાન કૃષ્ણ ને સાંદિપની ઋષિ , ભગવાન રામ વિશ્વામિત્ર ઋષિ , કૌરવો પાંડવોને દ્રોણાચાર્ય જેવા ગુરૂ ઓ હતા તો ધ્રુવે પણ નારદજીને ગુરૂ માનેલ, સંત કબીર સાહેબ રમાનંદજીને ગુરૃ તરીકે સ્વીકારેલ , શિવાજી મહારાજના ગુરૂ સમર્થ સ્વામી રામદાસજી મહારાજ હતા તો સ્વામી વિવેકનંદજીએ રામકૃષ્ણ પરમહંસને ગુરૂ તરિકે માની ગુરૂ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કર્યુ અને ગુરૂની કૃપા થકી અમર થઈ ગયા. એકલવ્યની કથા પણ ખૂબ જાણીતી છે એકલવ્યને જ્યારે ગુરુ દ્રોણએ ધનુર્વિદ્યા શીખવવાની ના પાડી હતી તો તેણે તેમની મૂર્તિ સામે શ્રદ્ધા રાખી ધનુર્વિદ્યામાં નિપુણતા હાસલ કરી હતી .આ વાતની જ્યારે ગુરૂ દ્રોણને ખબર પડી ત્યારે ગુરૂ દક્ષિણા માં જમણા હાથનો અંગૂઠો માગ્યો જે એકલવ્યે કોઈ પણ જાતના ખચકાટ વગર અંગૂઠો કાપી ગુરૂ દ્રોણના ચરણમાં અર્પણ કર્યો હતો .

જેમ લોખંડને પારસમણિ અડી જાયને લોખંડ કંચન બની જાય એમ ગુરુનું સાનિધ્ય મળતા શિષ્ય પણ કંચન માફક ચમકી ઉઠે છે.

ચંદન પણ જે પદાર્થ પર ઘસાય તે પદાર્થને સુગંધિત બનાવે છે .એમ ગુરૂ પણ એના શિષ્યને સાચું જ્ઞાન આપી એના ધ્યેયને પ્રાપ્ત કરવામાં મહત્વનો ફાળો આપતા હોયછે. જેમ કોઈ ઉદ્યાન હોય તો તેની સંભાળ માટે માળીની જરૂર પડતી હોય જ છે નહિતર એ વેરાન થઈ જાય છે તેમ આ જીવનરૂપી ઉદ્યાનને પણ ગુરૂ રૂપી માળીની ખાસ આવશ્યકતા છે જ.

આપણા પ્રાચીન ભજનોમાં પણ સંતોએ ગુરૂ વિશે અનેક ભજનોમાં ગુરૂજીના ગુણલા ગાયેલા છે .

ગુરૂના મહિમા વિશે કહેવાયું છે કે
સબ ધરતી કાગજ કરું,
લીખું સબ વનરાઈ,
સાત સમંદર કી શાહી કરું ,
તબ હી ગુરૂ ગુણ લિખા ન જાઈ.
ખરેખર ગુરૂના ગુણો અનંત છે.

લેખક : મહેશ સોની નખત્રાણા

# મણિપુરની આગજની અને હિંસા બે મહિનાથી કાબુમાં કેમ આવતી નથી?



રાજ્યમાં કુકી ઉગ્રવાદનો ઈતિહાસ બહુ પુરાણો છે આઝાદીના થોડા દીવસો પહેલા મણિપુરના રાજા બોધચન્દ્ર સિંહે એ ભરોસે ભારત સાથે સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા કે રાજ્યની આંતરિક સ્વાયતા અકબંધ રહેશે સપ્ટેમ્બર ૧૯૪૯ માં કેન્દ્ર સરકારે મણિપુરના રાજાને પર હસતાક્ષર પર સહી કરવા સંમત કરી દીધા હતા રાજાએ વિલયની સમજૂતી પર સહી કરી દીધી હતી. તે વખતે રાજા બોધચંદ્ર સિંહે રાજ્ય વિધાનસભામાં આ મુદ્દે કોઈ ચર્ચાવિચારણા કરી જ નહોતી. યુનાઈટેડ કુકીલેન્ડની સ્થાપના શરૂઆતથી જ કુકી ઉગ્રવાદી આંદોલનની મુળ માંગ રહી હતી.તે વખતે કુકી સંગઠનો મ્યાનમાર મણિપુર આસામ અને મિઝોરમના કુકી બહુલ વિસ્તારોને લઈને એમની માંગો કરી રહ્યા હતા. પૂર્વોત્તરના બીજા રાજ્યોમાં ઉગ્રવાદીઓ આંદોલનની શરૂઆત ભારતના કઠિત જબરદસ્તીના વિરોધમાં થઈ હતી.પરંતુ આઝાદી બાદ મણિપુરમાં શરૂ થયે લા ઉગ્રવાદી આંદોલનના મુળ જાતીય ઓળખ પર ઊભરેલી હતી.૧૯૮૦ માં સશસત્ર દળ વિષેસાઅધિકાર અધિનિયમ આશફા અંતર્ગત આખા રાજ્યને અશાંત જાહેર કર્યા બાદ આ સમસ્યા ઓર વકરી તરત જ બાદ કુકી ઉગ્રવાદમાં તેજી આવી અને કુકી નેશનલ ઓર્ગેનાઈજેશન અને કુકી નેશનલ આર્મી જેવા ઉગ્રવાદી સંગઠનોની રચના કરવામાં આવી એજ દરમિયાન કુકી કમાન્ડો ફોર્સ અને કુકી ઈન્ડિપેડન્ટ આર્મી જેવા સંગઠનોની સ્થાપના પણ થ આંદોલન કરનારા પણ જાણે છે કે ભારતીય સેના આંદોલનને કચડી શકે છે પરંતુ ભારતીય સેના પોતાના સંયમથી મણિપુરની જનતાને એ ભરોશો અપાવવા માંગે છે કે સેના તેમની મદદ માટે જ આવી છે આ ૫૬ દિવસોમાં મણિપુર ઘણું પાછુ ધકેલાઈ ગયું છે મણિપુરના સામાજિક તાણાવા નાને જે નુકસાન થયું છે તે ભરપાઈ જતા વરસો લાગી શકે છે પરંતુ જો મણિપુરની જનતા જો સેનાને સહયોગ અને મદદ કરે તો સંવાદ લાયક એક માહોલ બનાવી શકાય કાયમી શાંતિ માટે મેતી અને કુકી સમજો વચ્ચે વાતચીત થવી ખુબ જરૂરી છે

અબ્બાસભાઈ કૌકાવાલા

# ચરણક્ષેપ

જીંદગી એક રામાયણ કે મહાભારતથી કમ નથી. તમે વળતો સવાલ પૂછશો કે કેવી રીતે? તમારો સવાલ વાજબી છે. જિંદગીમાં સવાલ/સંશય કરવા જ જોઈએ.ભલે ભગવદ ગીતામાં સંશય કરનારનો વિનાશ થાય છે તેમ ભાખ્યું હોય! કશો વાંધો નહી. આપણે આપણું કામ કરવું જોઈએ . ભગવદ ગીતા તેનું કામ કરે.

હવે તમે છોકરા કે છોકરી હોઉં તો સારા ભણતર માટે બધા સલાહ, શિખામણનો મારો ચલાવે. ભણતર પૂરું થાય એટલે આજીવિકા પર જોર દેવામાં આવે. કેટલાક બહાદુરો પગભર થયા ન હોયને નાનપણમાં કુંડાળાની રમત રમતા હોય કેમ લગ્નના કુંડાળામાં પગ હડપ કરતો નાંખી દે! બહાદુર બાળાઓને તો આજીવિકા નહી પણ માલદાર, જમાદાર બોકડો શોધી લગ્નની વેદી પર વધેરી આજીવન મોજના મહાસાગરમાં મહાલવાનું છે. મોંધી જવેલરી, બાઈ ફેશનના વસ્ત્રો, શોફર ડ્રીવન લકઝુરિયસ કાર, કીટી પાર્ટીનો વૈભવ, લખલૂંટ શોપિંગ. બાસમતી ચોખાથી ભગવાનની આરાધના દાણે ન કરી હોય!!! બાપડો, બિચારો પૂરૂષ પ્રાઈવેટની દસ હજાર રૂપરડીની નોકરીમાં ટીચાતો હોય, લગ્ન કરવાનો ઉજમ જ કયા રહે? ભગવાન અને ભાગ્યને સુરતી ચોપડાવે અને સિગારેટ ચુસ્યા કરે!! નસીબજોગે લગ્ન થઈ ગયા -ઈડરિયો ગઢ જીતી ગયા , રોકડના અભાવે હનીમુનનું ટ્રેલર ભજવી આવ્યા, છ સાત માસ એડજેસ્ટમેન્ટમાં નીકળી જાય!! ત્યારે લલિતા પવાર જેવી દોઢી વડસાસુ કે વડીલ જુનનાણી આશિષ ઉચ્ચારે’’ દૂધો નાવ પુતો ફલો’’ ખલાસ શાંત જળમાં વમળ /વલયો સર્જવા માંડે. તારી ભલી થાય ડોસલી સોરી માજી બા!! આ કંઈ તમારો જમાનો છે કે સવા વરસના અંતરે બાળકોની ફોજ ઊભી કરવાની!! યુવાન હૈયા છે. નછોરવા છે. એમને મનોવાંચ્છિત મોજમાં ધુબાકા મારી લેવા દો. સંતાનો માટે જીંદગી પડી છે. બધા ઝુડઝુડ કરે. પેલાં બંને શરણે થઈ જાય.

પુત્રનો મોહ કયા યુગમાં ઉદ્દભવ્યો હશે? પહેલા ખોળે તો છોકરો જ જોઈએ ને જોઈએ. ભલાદમી પુત્ર ન હોય લોર્ડ ડેલહાઉસીની ખાલસા યોજનાના કયા તમારૂં રાજપાટ ખાલસા ખઈ જવાનું છે? ભાઈ રેશનિંગના અનાજે તારૂં ગાડું ગબડે છે? કોઈ જીવને તારે ત્યાં અવતરીને કયા મુફલિસીનો ઉપહાર આપે છે??

જે નારીને હથેળીમાં રાખતા હોય તે ભૂલથી દીકરીને જન્મ આપે કે ખલાસ!! બાપડીનો કોઈ દોષ વ હોય. વૈજ્ઞાનિક રીતે દીકરીના જન્મ માટે તેના પિતાની રંગસૂત્રોની કમી જવાબદાર છે. છતાં પેલી બાપુજીએ આચર્યા ન હોય તેવા સદોષ માનસવધના ગુનાની ટ્રાયલ ચલાવ્યાં વિના અમાનવીય સજાનો અંતહીન સિલસિલો આરંભાય!!!

પુત્રના જન્મ માટે સગર્ભાને જેટલા મોઢા એટલી વણમાગી સલાહ ફી ઓફ કોસ્ટ મળે. દોરા ,ધાગા, પીરના તાવીજ, રક્ષાપોટલી, ગૌમૂત્રનો પ્રસાદ, રાખ, ભભૂતી, પગે મંદિર જવાની બાધા!! કેટકેટલું. આમાં કોઈ કવોલીફિકેશનની કયા આવશ્યકતા છે?! અઠવાડિયામાં અમુકવાર અડદની વાનગી ખાવ, સૂતી વખતે પલંગ પર જમણી બાજુઓથી ચડવું ને સવારે ડાબી બાજુએથી ઉતરવું ,આશિકે મોરના પીંછાને બાળીને મધ સાથે અમાસની રાત્રે ચાંદનીમાં ચાટો! ઘોડાની નાળ માથે મુકીને મણ કલાક રાખો. ઘુવડની હગા દહીંમાં મિલાવીને ખાવ. વગેરે.આવા નુસખા,કિમિયા,અખતરાને અનુસરવાથી કેવળ ખતરો વધે છે અને માનવ જીવનની ગુણવત્તામાં ઘટાડો થાય છે. માનો કે આ બધી ક્રિયાને લીધે પુત્ર જન્મે અને હાથ પકડીને માબાપને વૃધ્ધાશ્રમમાં મુકી આવે તો શું કમાણી થઈ?

વનિતાએ સાસુને સારા દિવસોની રહ્યા હોવાની વધાઈ આપી.સાસુ હરખપદુડી થઈ ગઈ. વંશનો વારસ પુત્ર જોઈએ તેમ કીધું. તેની સાસુ - મણિબેન- આયુર્વેદિક દવાખાને લઈ ગઈ. પૌત્ર એષણા વ્યક્ત કરીને આયુર્વેદમાં કોઈ ઉપચાર છે કે તેની પૃચ્છા કરી . લેડી ડોકટર રાજશ્રીએ ઉપચાર હોવાનું જણાવ્યું

રાજશ્રીએ વિગતો આપતા કહ્યું કે એક વડનો પ્રયોગ છે.આ પ્રયોગ ગર્ભવતી મહિલાને ગર્ભ રહ્યા બાદ એક માસથી પંદર થી એકવીસ દિવસ સુધીમાં થઈ શકે છે. આ પ્રયોગ કરવાના આગલા દિવસે સવારે એ ગર્ભવતી મહિલાએ જનોઈ આપેલા વડ પાસે જઈને પુરી શ્રદ્ધાથી વડ દાદાને પ્રાથના કરવાની રહેશે કે, હે વડદાદા હું આપની સમક્ષ પુત્ર પ્રાપ્તિની ઈચ્છા લઈને આવી છું. આવતીકાલે હું આપની પાસે સાત કુંપળો લેવા આવીશ.વડને આટલી પ્રાથના કર્યા બાદ બીજા દિવસે વહેલા સ્નાન કરી એ જનોઈ આપેલ વડની સાત કુંપળો લઈ આવવી. ત્યારપછી ગાયનું દુધ આશરે ૧૦૦ ગ્રામ, અડદના સાત દાણા, સરસવના સાત દાણા લેવાના રહેશે. વડની કૂંપળ, ગાયનું દુધ, અડદના સાત દાણા, સરસવના સાત દાણાને મિક્ષ કરી તેને વાટી લઈને પ્રવાહી બનાવી દેવું. હવે જે ગર્ભવતી બહેન આ પ્રયોગ કરવા માંગે છે એમણે જમીન પર પથારી પર ચતા સૂઈ જવું. પણ ખાસ ધ્યાન રાખવાનું છે કે સુવા માટે તમારે ઓશિકાનો ઉપયોગ કરવાનો નથી. ત્યારપછી જે પ્રવાહી બનાવેલ છે એના સાત ટીપા ગર્ભવતી બહેનનાં જમણા નસકોરા માં પાડવાનાં અને આ જ સ્થિતિમાં મહિલાએ લગભગ અડધો કલાક સુધી સૂતા રહેવું. જેનાથી જે પ્રવાહી આપણે નસકોરામાં નાખેલ છે એ પ્રવાહી નસકોરા માંથી આપણા શરીરમાં જઈ શકે. અડધો કલાક બાદ એ મહિલા ઊભા થઈ શકે છે.ગર્ભવતી મહિલાએ ખાસ ધ્યાન એ રાખવાનું છે કે આ પ્રયોગ થઈ ના જાય ત્યાં સુધી પાણી સિવાય કંઈ જ લેવાનું નથી. મતલબ કે એ ગર્ભવતી મહિલાએ પાણી સિવાય કંઈ જ પીવાનું નથી. પ્રયોગ કર્યા બાદ જ નાસ્તો કે જમવાનું લઈ શકો છો. આ પ્રયોગ પુરી શ્રદ્ધા સાથે કરવાનો છે. આ પ્રયોગ ઘણા દંપતીએ કરેલ છે અને ઘણા દંપતીની પુત્ર પ્રાપ્તિની ઈચ્છા પૂરી પણ થઈ છે.

વનિતાએ પ્રયોગ કર્યો. નસીબજોગે પુત્રેષણા ફળી. મજાની વાત એ છે કે આ ઉપચાર કરનાર લેડી ડોકટર રાજશ્રી કે નર્સ મિતાલીએ પ્રયોગ કરવા છતાં ત્રણ ત્રણ પુત્રીઓ છે. ખુદના પર પ્રયોગ નિષ્ફળ નીવડ્યો તેનું કોઈ સચોટ કે અચોટ કારણ નથી. કેમ કે , બધું વિધિનિર્મિત છે. જેમાં કોઈનો હસ્તક્ષેપ કે ચરણક્ષેપ ચાલતો નથી.

# નિવૃત થાય છે

કોઈ વય નિવૃત થાય છે,
કોઈ લય નિવૃત થાય છે.

શરમનું આભૂષણ પહેરી,
કોઈ ભય નિવૃત થાય છે.

મયખાને માત્ર દૂધ પીને,
કોઈ મય નિવૃત થાય છે.

અહીં હારીને જીતી શકાય છે,
કોઈ અજય નિવૃત થાય છે.

પાપ કરીને કેટલા કરશો,
કોઈ પુણ્ય નિવૃત થાય છે.

તરસ લાગે તો આંસુ પી લો,
કોઈ પય નિવૃત થાય છે.

શરીરમાંથી આત્મા વિદાય લે,
કોઈ સમય નિવૃત થાય છે.

ભરત વૈષ્ણવ

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No: 154

પ્રકાર: પદ્ય (અછાંદસ)
વિષય : સનસનીખેજ
શબ્દો : ૭૫
શીર્ષક : એટલે સનસનીખેજ

જીવનમાં આવતી મુશ્કેલી
સમાજમાં ચાલતી પ્રણાલી
એકબીજાને મદદગાર થવામાં
આપણાને આવતી ખુશાલી,
એટલે સનસનીખેજ...
ધરતીમાં ચાલતી ઉથલ પાથલ
સમાજમાં ચાલતી ગડમથલ
સદભાવનાથી ચાલતા કામો,
સારા વિચારો કરવાથી મળે સારા સ્થલ,
એટલે સનસનીખેજ...
જાદુગરો? રોમાંચક કરે ખેલ
મદારીઓ હાથચાલાકીથી કરે ગેલ
લોકોને સમજાવીને ચલાવે ગુજરાન
માણસ-માણસને છેતરી કરે રેલમછેલ,
એટલે સનસનીખેજ...
શિક્ષણ થયું રોજરોજ મોંઘુ દાટ
નથી થતો હવે શિક્ષણમાં ઘાટ
ધંધા રોજગાર બહુ મળતા નથી
ક્યાં-કોની હવે તો અમે જોવી વાટ,
એટલે સનસનીખેજ...

નામ : બીના એન પીઠડીયા ,★વૈદેહી★
અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No/0044
વિષય:- સનસનીખેજ
પ્રકાર:- ગદ્ય
શીર્ષક:- ઝાંઝરી
નામ:- વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.
શબ્દો:- ૧૬૫

મારી સાથે કામ કરતી મોનાએ ભૂતનો અનુભવ કહ્યો," રાત્રે ઝાંઝરીનો અવાજ સંભળાતાં જ હું જોવા નીકળી તો પાનેતર પહેરેલી યુવતી, પાંસે ગઈ તો સફેદ ઘોડાવાળી ઘોડાગાડીમાં યુવતીએ મને ખેંચી લીધી.ચાલક વગર ઘોડાગાડી ઉડવા માંડી, યુવતી ગાયબ.ચીસ પાડવા ગઈ પણ અવાજ ન નીકળે.

ઘોર અંધકાર,વાદળોનો ગડગડાટ.શહેરથી દૂર જતાં જ રસ્તામાં આમલીના ઝાડ પર ભૂત જોયું.ભયંકર અટ્ટહાસ્ય કરતાં ઉંધા લટકતા ભૂત,કોઈનું લોહી નિતરતું માથું,તો કોઈનું એકલું ધડ. પગ વગરના એક ભૂતે લોહી નિતરતી લાંબી જીભ વડે મને ખેંચવાની કોશિષ કરી.કેટલું બિહામણું!

એટલામાં જ ઘોડાગાડી ચોરમલાનાં ઝાડ આગળ ઉભી રહી.થડનાં પોલાણમાં કેટલીક ચૂડેલ પીઠ વગરની ઉભેલી, ડોકું ફેરવ્યું તો મોં પીઠ પર આવી ગયું, આંખો ગાલ પર લટકે.હું તો થરથર ધ્રુજું.

ત્યાં જ પેલી યુવતી આવી ચીઠ્ઠી આપી કહ્યું," પોલીસને આપી ચોરમલાના ઝાડની બાજુમાં ખોદાવજે."

પોલીસે ખોદકામ કરતાં પાનેતર પહેરેલી યુવતીની લાશ મળી.ચીઠ્ઠીના આધારે ખૂનીની ધરપકડ કરી સજા કરતાં જ યુવતી આવી મને કહે," લે આ ઝાંઝરી રાખ, ડરવાની જરૂર નથી, તેં મને મુક્તિ અપાવી છે,તને કોઈ હેરાન નહીં કરશે."

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No : 0110
વિષય : સનસનીખેજ
શીર્ષક : 'સમય પલટાયો'
શબ્દો : ૩૪૬
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

માધવ બ્રાહ્મણ હતો તેથી ગામમાં તેનું સારું એવું માન હતું. પુત્રી રક્ષા ખૂબ સુશીલ અને સંસ્કારી છોકરી હતી. રક્ષાને મોટી થતાં ગામના જ વિપુલ સાથે પ્રેમસંબંધ બંધાઈ ગયો. વિપુલ ખૂબ જ ડાહ્યો, હોશિયાર અને સમજદાર છોકરો હતો. પરંતુ વિપુલનું કુટુંબ એક પછાત જ્ઞાતિનું હતું. માધવને જ્યારે રક્ષાના આ પ્રેમસંબંધની જાણ થઈ ત્યારે તેમણે રક્ષાને સ્પષ્ટ કહી દીધું કે પછાત જ્ઞાતિના વિપુલ સાથે તારા લગ્ન ક્યારેય નહીં થઈ શકે. રક્ષા સમસમીને બેસી રહી પરંતુ તેના મનમાંથી વિપુલ પ્રત્યેનો પ્રેમ અને લગાવ જરાય ઓછા થયા નહીં.

વિપુલ પહેલેથી અભ્યાસમાં ખૂબ તેજસ્વી હતો. તેના મનમાં પહેલીથી એક મોટા અધિકારી બનવાની તીવ્ર ઈચ્છા હતી. કોલેજના અભ્યાસ બાદ તે રાજ્યની વહીવટી પાંખની સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થયો. સરકારી માળખામાં એક ઉચ્ચ પદવી ઉપર તેની નિમણૂક પણ થઈ. વિપુલના મનમાં હજુ રક્ષા પ્રત્યેનો પ્રેમ અકબંધ હતો. વિપુલે રક્ષાના માતા-પિતા માધવ અને સીતા પાસે રક્ષા સાથે પોતાના લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. માધવે વિપુલનું અપમાન કરીને તેને ધુતકારી કાઢ્યો. તેમની લગ્ન માટે મંજૂરી ક્યારેય નહીં મળે એમ લાગતાં રક્ષા અને વિપુલે ભાગીને પ્રેમલગ્ન કરી લીધા. બંનેના લગ્નના સનસનીખેજ સમાચાર ગામમાં પ્રસરી ગયા. માધવે ગુસ્સામાં પોતાની દીકરી રક્ષા જોડે સંબંધનો કાયમી છેડો ફાડી નાખ્યો.

વર્ષો વિતતા ગયા. આજે ગામમાં નવી હોસ્પિટલના સમર્પણનો એક મોટો સમારંભ થઈ રહ્યો હતો. જિલ્લા કલેકટર દ્વારા તેનું ઉદ્ઘાટન હતું. સમારંભમાં જિલ્લા કલેકટર અને તેમના પત્ની આવી પહોંચ્યા. આજના સનસનીખેજ સમાચાર એ હતા કે આ જિલ્લા કલેકટર બીજું કોઈ નહીં પરંતુ આ જ ગામનો દીકરો વિપુલ હતો. સમય પલટાતાં લોકો મોંમાં આંગળા નાખી ગયા. સમારંભના એક ખૂણે માધવ અને સીતા પણ ઉપસ્થિત હતા.

ઉદ્ઘાટન બાદ બે હાથ જોડી સૌનું અભિવાદન ઝીલતાં ઝીલતાં મંચ ઉપરથી વિપુલ અને રક્ષા સાથે નીચે ઉતરી એક ખૂણામાં બેઠેલા રક્ષાના માતા-પિતા માધવ અને સીતાની પાસે પહોંચ્યા. બંનેના ચરણસ્પર્શ કર્યા અને અશ્રુભીની આંખે તેમની સામે જોઈ રહ્યા. માધવ અને સીતાની આંખોમાંથી પણ અશ્રુધારા વહેવા લાગી. રક્ષા આગળ વધીને માતા-પિતા માધવ અને સીતાને ભેટી પડી. માધવે વિપુલને પોતા તરફ ખેંચીને તેના માથે હાથ મુક્યો અને બોલ્યા 'મને માફ કરી દે બેટા, હું નાતજાતના ભેદભાવની જીદમાં તને ઓળખી શક્યો નહીં'. બીજા સનસનીખેજ સમાચાર એ બન્યા કે માધવ અને સીતાએ વિપુલ અને રક્ષાને માફ કરી તેમનો પ્રેમપૂર્વક સ્વીકાર કરી લીધો.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૦૧ જુલાઈ ૨૦૨૩

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO : 126
વિષય : સનસનીખેજ
શિર્ષક: હ્દય બાળીને.
નામ : મોહનભાઈ" આનંદ"

અછાંદસ રચના

નિઃ શબ્દ છું, હું આશા નિહાળીને,
કર્મ લેખાંજોખાં ભાવથી ભાળીને.

ખરો ખેલ માંડ્યો છે કઠપૂતળીનો,
જોઉ છું તમાસો એ અદબ વાળીને.

જોર જવાની ,ઝટપટ જવાની જરૂર
કૂદકા ભૂસકો છે ,આંખો ઉલાળીને.

અરર ઈચ્છા મસ્તીમાં ઝૂલે હિંડોળે ,
ફેકો યારો સાચ્ચે જ એને ઉખાડીને,

વહ્યાં અશ્રુઓ આનંદ બસ ખાળીને,
કેમ જીવવું વ્યર્થ અહીં હ્દય બાળીને,

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્ર જીજી ર્દ્ર : ૧૪૯
વિષય સનસનીખેજ
શીર્ષક અચાનક
પ્રકાર પદ્ય
શબ્દ ૭૦

પોતાના હતાં એ પારકાં થયાં ,
ને પારકાં હતાં એ પોતાનાં થયાં.

જિંદગી રમત રમી ગઈ કે,
રમત જિંદગી થઈ ગઈ છે.

અચાનક આવ્યા જીવનમાં એ,
હમસફર અમારા બનીને એ તો.

ના જાણે અચાનક જીવનમાંથી,
ચાલ્યા ગયા સનસની ખેજ થઈ.

અકસ્માત જોયો રસ્તામાં મેં,
પડ્યા હતાં જોઈ ધરાશયી થઈ.

મગજ મારું ચઢ્યું છે ચકરાવે ,
વિધાતા આ કેવી સનસનીખેજ.

પલ્લવી જોષી. સરિતા.

# એમસીએક્સ પર કોટન-ખાંડી વાયદામાં ૨૧,૧૨૦ ખાંડીના વોલ્યુમ સાથે ભાવમાં સાપ્તાહિક ધોરણે રૂ.૧,૬૪૦નું ગાબડું

### સોનાનો વાયદો રૂ.૧૮૨ નરમ: ચાંદીમાં મિશ્ર વલણ: ક્રૂડ તેલમાં રૂ.૩૩ની વૃદ્ધિ: નેચરલ ગેસ, મેન્થા તેલમાં સુધારો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૪,૭૬૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૩૦૩૮૫૭ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૨૫૩ કરોડનાં કામકાજ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૩થી ૨૯ જૂન સુધીના સપ્તાહ દરમિયાન ૫૨,૪૫,૩૦૩ સોદાઓમાં કુલ રૂ.૩,૯૮,૮૭૩.૭૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯૪,૭૬૩.૦૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩,૦૩,૮૫૭.૬૪ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮,૯૪,૬૧૮ સોદાઓમાં રૂ.૫૬,૭૬૮.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૮,૧૩૬ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૮,૭૪૦ અને નીચામાં રૂ.૫૭,૬૫૧ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૮૨ ઘટી રૂ.૫૮,૦૧૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૬૩૧ ઘટી રૂ.૪૭,૦૭૪ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૮ ઘટી રૂ.૫,૮૦૩ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬૬ ઘટી રૂ.૫૭,૫૭૮ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૬૭,૭૮૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૯,૮૫૨ અને નીચામાં રૂ.૬૭,૫૧૫ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧૧૯ ઘટી રૂ.૬૮,૧૮૯ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૨૦૪ વધી રૂ.૬૮,૬૬૪ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૫૩ વધી રૂ.૬૮,૫૯૫ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર ૭,૩૭,૪૬૫ સોદાઓમાં રૂ.૨૭,૮૨૦.૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૫,૬૭૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫,૮૦૯ અને નીચામાં રૂ.૫,૫૨૯ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૩ વધી રૂ.૫,૭૩૮ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જુલાઈ વાયદો રૂ.૩૦ વધી રૂ.૫,૭૪૨ બંધ થયો હતો. નેચરલ ગેસ જુલાઈ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૨૧ના ભાવે ખૂલી, રૂ.૨.૭૦ વધી રૂ.૨૨૪.૩૦ અને નેચરલ ગેસ-મિની જુલાઈ વાયદો ૨.૯ વધી ૨૨૪.૫ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે સપ્તાહ દરમિયાન રૂ.૧૫૮.૩૮ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૫૫,૪૮૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૬,૨૦૦ અને નીચામાં રૂ.૫૩,૮૬૦ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૬૪૦ ઘટી રૂ.૫૪,૩૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જૂન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮.૨૦ વધી રૂ.૮૯૦.૦૦ બોલાયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૯૮,૧૭૩ સોદાઓમાં રૂ.૧૦,૦૧૫.૭ કરોડના વેપાર થયા હતા. તાંબુ જૂન વાયદો રૂ.૭૨૪.૫૫ના ભાવે ખૂલી, રૂ.૨૫.૧૦ ઘટી રૂ.૭૦૧.૭૫ જ્યારે એલ્યુમિનિયમ જૂન કોન્ટ્રેક્ટ રૂ.૪.૪૦ ઘટી રૂ.૧૯૫.૨૫ તેમ જ સીસું જૂન કોન્ટ્રેક્ટ રૂ.૨.૧૦ ઘટી રૂ.૧૮૧ના ભાવ થયા હતા. જસત જૂન કોન્ટ્રેક્ટ રૂ.૬.૧૫ ઘટી રૂ.૨૧૦ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જૂન વાયદો ૧ કિલોદીઠ રૂ.૪.૧૦ ઘટી રૂ.૧૯૫.૮૦ સીસુ-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ ઘટી રૂ.૧૮૧.૯૫ જસત-મિની જૂન વાયદો રૂ.૪.૨૦ ઘટી રૂ.૨૧૧.૮૫ બંધ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૦,૯૯૩.૫૯ કરોડનાં ૩૬,૦૩૯.૬૭૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૫,૭૭૫.૨૮ કરોડનાં ૫,૧૪૩.૩૭૭ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧૩,૦૩૬.૧૨ કરોડનાં ૨૩,૦૦૫,૫૯૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧૪,૭૮૩.૯૮ કરોડનાં ૬૫૩,૩૬૭,૫૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧,૫૨૪.૦૭ કરોડનાં ૭૭,૨૧૭ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૩૯૨.૬૬ કરોડનાં ૨૧,૫૭૫ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૫,૩૩૫.૮૮ કરોડનાં ૭૪,૪૮૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨,૭૬૩.૦૯ કરોડનાં ૧૨૯,૬૫૬ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૧૧૭.૭૪ કરોડનાં ૨૧,૧૨૦ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૪૦.૬૪ કરોડનાં ૪૪૯.૬૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૯૬૫.૧૭૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૩૧.૬૮૨ ટન, તાંબાના વાયદાઓમાં ૧૭,૭૬૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૨,૮૨૮ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૫૨૭ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૩,૫૧૩ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧,૫૯૯,૭૪૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૩૨,૧૫૪,૫૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૭,૭૧૨ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૬૬.૧૨૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં સપ્તાહ દરમિયાન રૂ.૨૫૩.૦૬ કરોડનાં ૩૨૩૨ લોટનાં કામકાજ થયાં હતાં. સપ્તાહના અંતે ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૯૨૬ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જુલાઈ વાયદો ૧૫,૬૩૯ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૫,૭૭૬ અને નીચામાં ૧૫,૫૧૫ બોલાઈ, ૨૬૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૪૩ પોઈન્ટ ઘટી ૧૫,૬૦૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૩,૦૩,૮૫૭.૬૪ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૯,૫૪૮.૦૬ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૯,૦૫૨.૧૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૩૦,૯૩૧.૩૩ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૪,૩૦૩.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

# ઉત્તરપ્રદેશમાં ધર્મ પરિવર્તનને લઈને કાયદો કડક,જ્યાં સજાની જોગવાઈઓ દસ વર્ષ સુધીની..

લખનાઉ,તા.૧

પ્રેમ લગ્ન કરવા એ કોઈનો પણ હક છે, પરંતુ આજકાલ આવા ઘણા કિસ્સાઓ સામે આવી રહ્યા છે જેમાં છોકરીઓ ફસાઈ રહી છે. પહેલા પ્રેમનું નાટક હાય છે, પછી ધર્મ પરિવર્તન અને લગ્ન ત્યાર પછી છેતરપિંડી આચરવામાં આવે છે. આવું કેમ થઈ રહ્યું છે? છોકરીઓ કેવી રીતે આ માયાજાળમાં ફસાઈ જાય છે. તે જાણવું ખૂબ મહત્વનુ બની ગયું છે. જયારે ઉત્તર પ્રદેશમાં ધર્મ પરિવર્તનને લઈને કાયદો ઘણો કડક છે. દસ વર્ષ સુધીની સજાની જોગવાઈઓ પણ છે, પરંતુ તેમ છતાં લવ જેહાદના અનેક કિસ્સાઓ કિસ્સાઓ સતત સામે આવી રહ્યા છે. આવી ઘટના ગોરખપુરમાં બની હતી. જ્યાં એક મહિલાએ ખુર્શીદ નામના વ્યક્તિ પર આરોપ લગાવ્યો છે. આવા અનેક આરોપો જેવા કે બળજબરીનો આરોપ, અશ્લીલ વીડિયો બનાવવાના આરોપો, ધર્મ પરિવર્તનના આરોપો, બળજબરીથી લગ્ન કરવાના આરોપો અને જાનથી મારી નાખવાની ધમકી અને ત્રાસ આપવાના આરોપો.

આવો એક બનાવ ગોરખપૂરમાંથી સામે આવ્યો. ગોરખપૂરમાં લવ જેહાદ આ યુવતીના અગાઉ અન્ય વ્યક્તિ સાથે લગ્ન થયા હતા જેની સાથે તેને ત્રણ વર્ષની પુત્રી છે. તેનો પતિ તેને છોડી ગયો હતો. તે એકલી જ દીકરીનો ઉછેર કરતી હતી. ઓર્કેસ્ટ્રામાં કામ કરતી અને ઘરનો ખર્ચો ચલાવતી. આ સમય દરમિયાન તે બેન્ડ વગાડતા ખુર્શીદ હાશ્મીના સંપર્કમાં આવી. ખુર્શીદે તેની સાથે મિત્રતાનો ડોળ કર્યો. તે ખુર્શીદ પર વિશ્વાસ કરવા લાગી, પરંતુ આ યુવતીના કહેવા પ્રમાણે ખુર્શીદે તેની સાથે દગો કર્યો. યુવતીના કહેવા પ્રમાણે, તેને શાંત કર્યા બાદ ખુર્શીદે તેનો અશ્લીલ વીડિયો બનાવ્યો અને પછી તેને લગ્ન કરવા દબાણ કર્યું. યુવતીનું તેની મરજી વિરુદ્ધ પણ બળજબરીથી ધર્માંતરણ કરાવવામાં આવ્યું હતું. આ વ્યક્તિને આ યુવતી સાથે લગ્ન કર્યા પછી પણ શાંતિ નહોતી. તે તેની સાથે લડવા લાગ્યો. આટલું જ નહીં તેણે બીજા લગ્ન પણ કર્યા. આ દરમિયાન યુવતીને છોકરી થઈ, પછી છોકરાએ તેનો ગર્ભપાત પણ કરાવ્યો. ખુર્શીદ મહારાજગંજના રામ જાનકી વિસ્તારનો રહેવાસી છે. હવે તેની સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે, પરંતુ સવાલ એ છે કે તેણે યુવતીની જિંદગી બગાડવા શું કર્યું? દેશના વિવિધ ભાગોમાંથી આવા અનેક કિસ્સાઓ સામે આવી રહ્યા છે. ઉત્તર પ્રદેશમાં જ્યાં ધર્માંતરણને લઈને આટલો કડક કાયદો છે ત્યાં આવા કિસ્સાઓ આશ્ચર્યજનક છે.

આવો જ એક કિસ્સો થોડા દિવસ પહેલા જ ઉત્તર પ્રદેશના કાનપુરમાં સામે આવ્યો હતો. જોકે આ કેસમાં યુવતીનો બચાવ થયો હતો. મંગલપુર વિસ્તારના એક છોકરાએ ફેસબુક પર રિષભના નામે ફેક આઈડી બનાવીને મ્ઉૅમાં ભણતી એક છોકરી સાથે મિત્રતા કરી. જ્યારે આ બંને મળ્યા ત્યારે તેની વાસ્તવિકતા યુવતીની સામે આવી. આ છોકરાનું સાચું નામ સાનુ ચિકના હતું. તેણે યુવતી પર ધર્મ પરિવર્તન અને લગ્ન માટે દબાણ કરવાનું શરૂ કર્યું, પરંતુ યુવતીએ આ વાત તેના પરિવારને જણાવી અને પછી પરિવારે પોલીસની મદદ લીધી. છોકરાની ધરપકડ કરવામાં આવી હતી. હવે જાણો તે પાંચ કારણો જેના કારણે કડક કાયદા હોવા છતાં છોકરીઓ આ છેતરપિંડીમાં ફસાઈ રહી છે.

લગ્નના નામે ધર્મ પરિવર્તનના કિસ્સાઓમાં આ પાંચ મુખ્ય કારણો સામે આવ્યા છે. કારણ નંબર ૧- પ્રેમની જાળ.. કોલેજ ગર્લ્સ ઘણીવાર આવા કેસમાં ફસાઈ જાય છે. કારણ છે પ્રેમની રમત. આ ઉંમરે છોકરીઓને લાગે છે કે તેઓ પ્રેમમાં પડ્યા છે અને તેમાં કંઈ ખોટું નથી. પ્રેમના કારણે ઘણી વખત તે જાણી જોઈને આ બાબતે આંખો બંધ કરી લે છે, પરંતુ પછી તેને વાસ્તવિકતાનો અહેસાસ થાય છે. ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હોય છે. કારણ નંબર ૨ – પરિવારના સભ્યોથી છુપાવીને રાખવી... ઘણી વખત જ્યારે છોકરીઓ અન્ય ધર્મના છોકરાઓ સાથે સંબંધમાં હોય છે, ત્યારે તેઓ ડરથી તેમના પરિવારને જણાવતી નથી. ઘણી વખત તેઓ ભાગીને લગ્ન કરવા જેવા પગલાં ભરે છે, જેના માટે તેમને ઘણી વાર પાછળથી પસ્તાવો પણ કરવો પડે છે. જો આવા લગ્ન પરિવારના સભ્યોની સંમતિથી થાય છે તો આવી સમસ્યાઓ ઘણી ઓછી થઈ જાય છે, પરંતુ છોકરીઓને લાગે છે કે પરિવાર સહમત નહીં થાય અને પછી તેઓ આ જાળમાં ફસાઈ જાય છે. કારણ નંબર ૩- ધર્મને છુપાવીને પ્રેમ કરવો... આવા કિસ્સાઓ પણ સતત સામે આવી રહ્યા છે. છોકરાઓને ડર છે કે તેમનો ધર્મ જાણ્યા પછી છોકરી તેમની સાથે મિત્રતા નહીં કરે. આવી સ્થિતિમાં છોકરાઓ છોકરીઓ સાથે મિત્રતા કરવા માટે તેમના નામ બદલી નાખે છે અથવા હિન્દુ નામ રાખે છે. મિત્રતા અને પ્રેમ પછી, તે છોકરીઓને તેની વાસ્તવિકતા કહે છે. એકવાર રિલેશનશિપમાં આવ્યા પછી ઘણી વખત છોકરીઓ તેમાંથી બહાર નીકળી શકતી નથી અને પછી તે આ જાળમાં ફસાઈ જતી રહે છે. કારણ નંબર ૪- સારી રીતે વિચારેલું કાવતરું... ઘણી વખત આ પદ્ધતિનો ઉપયોગ સુનિયોજિત કાવતરા હેઠળ છોકરીઓને ફસાવવા માટે પણ કરવામાં આવે છે.

# સમસ્ત મહાજન દ્વારા પાલિતાણા ખાતે ત્રણ દિવસનાં ‘‘વૈશ્વિક અહિંસા મેગા સંમેલન’’ નું આયોજન

વૈશ્વિક સ્તરે જળ, જન, જમીન, જંગલ, જનાવરની સેવામાં કાર્યરત સમસ્ત મહાજનનાં કાર્યોમાં મુખ્યત્વે શિક્ષણ, આરોગ્ય, રેસ્ક્યુ વર્ક, ગૌશાળા અને પાંજરાપોળોને સહાય તેમજ સ્વનિર્ભર બનાવવા, સ્વનિર્ભર ખેતી, જળ સંચય, જીવદયા રથ, ભોજન રથ, સામાજિક ઉત્થાન, ખાસ કરીને કુદરતી કે માનવસર્જિત આફતો દરમિયાન તાત્કાલિક સહાય, પશુઓની કતલ તેમજ બલી અટકાવવી, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે જીવદયા, ગૌસેવા, માનવસેવા સહિતનાં અનેકવિધ સત્કાર્યોનો સમાવેશ થાય છે. ૨૧ વર્ષથી વધુ સમયથી સમસ્ત મહાજન પશુ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ, ગ્રામીણ વિકાસ, માનવ કલ્યાણ, સ્વચ્છતા અભિયાન, કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત વગેરે જેવા વિવિધ સામાજિક કારણો તરફ અથાગ મહેનત કરી રહ્યું છે. સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ જે ભારત સરકારનાં એનીમલ વેલ્ફેર બોર્ડનાં સદસ્ય છે તેઓ વર્તમાન સમયમાં તે જીવનનો મહતમ સમય જીવદયા, ગૌસેવા, માનવસેવા, શાકાહાર પ્રચાર પ્રસાર સહિતની પ્રવૃતિઓમાં વ્યસ્ત રહે છે. આવા માનવતાવાદી હેતુ માટે ગિરીશભાઈના નોંધપાત્ર



યોગદાનને સમાજ દ્વારા ખૂબ જ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તેમને અને સમસ્ત મહાજનને જીવદયા રત્ન, પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે ઈન્દિરા પ્રિયદર્શીની વૃક્ષમિત્ર એવાર્ડ, આચાર્ય ચાણક્ય – ૨૦૨૦ સહિત અનેક પુરસ્કારો એનાયત કરવામાં આવ્યાં છે. કચ્છ, મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતનાં અનેક વિસ્તારોમાં ૩૦૦થી વધુ ગામોમાં તળાવ ઊંડા કરવા, ગૌચર નિર્માણ સહિતનાં કાર્યો માટે સમસ્ત મહાજન સેવારત છે.ભારત સરકારના પશુપાલન અને ડેરી મંત્રાલયના કેબિનેટ મંત્રીશ્રી પરષોત્તમ રૂપાલાજી તારીખ ૯ જુલાઈ, ૨૦૨૩ રવિવારના રોજ સવારે ૮ : ૩૦ કલાકે પાલિતાણા તળેટી ખાતે દર્શન કરીને આ કાર્યક્રમની શુભ શરૂઆત કરશે ત્યારબાદ સવારે ૯ : ૦૦ વાગ્યે પાલિતાણા ખાતે સંમેલનનું સંબોધન કરી માર્ગદર્શન આપશે ત્યારબાદ સવારે ૧૧ : ૦૦ વાગ્યે પાલિતાણાથી હણોલ ખાતે પ્રસ્થાન કરશે અને હણોલ ખાતે સમસ્ત મહાજન દ્વારા કરવામાં આવેલ ગૌચર વિકાસ, તળાવ તથા વૃક્ષારોપણ પ્રવૃતિઓની મુલાકાત લેશે.સમસ્ત મહાજન દ્વારા પાલીતાણા ખાતે ત્રણ દિવસનાં ‘‘વૈશ્વિક અહિંસા મેગા સંમેલન’’ નું આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રણ દિવસનાં કાર્યક્રમમાં સફાઈ અભિયાન, સ્નેહમિલન સંમેલન, ગુજરાતનાં એક આદર્શ ગામ હાણોલ, પાલીતાણાની મુલાકાત, સમસ્ત મહાજન દ્વારા ગ્રામીણ ક્ષેત્રમાં કરવામાં આવતા વિકાસ કાર્યોનું અવલોકન, સાંસ્કૃતિક કાર્યક્રમ, આચાર્ય ભગવંતજીનાં આશિર્વચન, સમસ્ત મહાજનનાં પદાધિકારીઓ, કાર્યકર્તા સમિતિ, સલાહકાર બોર્ડની સમીક્ષા બેઠક વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં પૂજ્ય શ્રી લલીત કિશોર શરણજી મહારાજ (શ્રી સૌરાષ્ટ્ર નિમ્બાર્ક પીઠ, મોટા મંદિર લીમડી), ગુરુઆશ્રમ, બગદાણાનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રેષ્ઠી વર્ય શ્રી મનજીદાદા મુખ્ય મહેમાન તરીકે હાજરી આપશે. આ ‘‘વૈશ્વિક અહિંસા મેગા સંમેલન’’માં જીવદયા સંસ્થાઓને સ્વાવલંબન તરફ વાળવા, ગૌ આધારીત સાંસ્કૃતીનું પુનઃસ્થાપન, ગૌચર વિકાસ, ગૌ આધારીત કૃષિ-આરોગ્ય અને પર્યાવરણર્થે જનજાગરણ, ગૌપાલન, જીવરક્ષા અંગેના વિવિધ કાયદાઓનું નિર્માણ તથા હાલના કાયદાઓના કડક અમલીકરણ, ગૌ સંવર્ધનને પ્રોત્સાહન, ગૌશાળા—પાંજરાપોળની આંતર માળખાકિય સુવિધાઓ ઉભી કરવા, પશુ-પક્ષીઓના આરોગ્યની જાળવણી, ભાવના અને વિજ્ઞાનનો સમન્વય, માનવ માત્રમાં પક્ષીઓ, પ્રાણીઓ પ્રત્યે વધુ કરૂણા જગાડવા, વરસાદી પાણીનો સંગ્રહ, સ્વદેશી વૃક્ષોનું વાવેતર, સ્વચ્છ દૂધ ઉત્પાદનોની ઉપલબ્ધી, પાકની રક્ષા માટે અહિંસક—સ્વદેશી ઉપચારો, શાકાહાર પ્રચાર-પ્રસાર સહિતના અનેકો મુદા ઉપર વિસ્તૃત, પ્રેક્ટીકલ અને દ્રષ્ટાંતો સહિત પરીણામલક્ષી ચર્ચા કરાશે. આ સંમેલનમાં સાધુ-સંતો તેમજ દેશના જાહેર જીવનના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે. પ્રવાસ દરમ્યાન રાજસ્થાનના મેવાડની જોવા લાયક, અભ્યાસ લાયક ગૌશાળાઓ—પાંજરાપોળોની મુલાકાતો લેવાશે, પ્રત્યક્ષ માર્ગદર્શન અપાશે.આ કાર્યક્રમ તા. ૮, ૯, ૧૦ જુલાઈ, ૨૦૨૩ એ પાલિતાણા ખાતે રાખવામાં આવ્યો છે. આ સંમેલનમાં હાજરી આપનારની રહેવા – જમવાની વ્યવસ્થા સમસ્ત મહાજન દ્વારા, વહેલા તે પહેલાના ધોરણે, નિયમાનુસાર, નિઃશુલ્ક કરવામાં આવશે. સંમેલન સ્થળે જે – તે જીવદયાપ્રેમી એ સ્વખર્ચે પહોંચવાનું રહેશે. સૌ ને કાર્યક્રમમાં હાજરી આપવા સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહ (મો. ૯૮૨૦૦૨૦૯૭૬) દ્વારા આમંત્રણ આપવામાં આવ્યુંછે. આ કાર્યક્રમની વિશેષ જાણકારી માટે પરેશ શાહ(મો. ૯૮૧૯૩૦૧૨૯૮), દેવેન્દ્ર જૈન (મો. ૯૮૨૫૧૨૯૧૧૧), મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨૨૧૯૯૯), અજયભાઈ શેઠ(મો. ૯૪૨૬૨૨૮૦૧૮), ગિરીશ સત્રા(મો. ૯૮૨૦૧૬૩૯૪૬) નો સંપર્ક કરવા સમસ્ત મહાજનની યાદીમાં જણાવાયું છે.

# ૩ જુલાઈ, ‘પ્લાસ્ટિક બેગ ફ્રી ડે’



પ્લાસ્ટિકની શોધ ઇ.સ ૧૮૬૨માં ઇંગ્લેન્ડનાં એલેકઝાન્ડર પાર્કસે કરી હતી. પ્લાસ્ટિક એ આજની સૌથી વધુ વપરાતી સામગ્રીમાંની એક છે.આજે પ્લાસ્ટિક બેગ તાકીદની જરૂરિયાત બની ગઈ છે. તેના અનુકૂળ સ્વભાવને કારણે રોજિંદા જીવનમાં તેનો ઉપયોગ વધી રહ્યો છે. રોજિંદી પ્રવૃત્તિઓથી સંબંધિત બધી પ્રવૃત્તિઓમાં પ્લાસ્ટિકની ભૂમિકા હોય છે. મોબાઇલ, ટીવી, ફ્રિજ, એસી, ખુરશી, ટેબલ, કમ્પ્યુટર વગેરે જેવી સંખ્યાબદ્ધ વસ્તુઓ છે જે પ્લાસ્ટિકની બનેલી હોય છે, પરંતુ પ્લાસ્ટીક એ નાશ ન થઈ શકે તેવું પ્રદૂષણ છે અને તે જમીન, પાણી અને હવાને પ્રદૂષિત કરે છે એટલે કે સમસ્ત પર્યાવરણને નુકસાન કરે છે. ગમે ત્યાં ફેકી દીધેલી પ્લાસ્ટીકની થેલીઓ અન્ય ખોરાકની સાથે ખાઈ જવાથી અનેક પશુઓ પણ મોતને ભેટે છે અને આ મૃત પશુઓનાં અવશેષો નાશ પામ્યા બાદ પણ પ્લાસ્ટીક જેમનું તેમ રહે છે. પ્લાસ્ટીકનો નાશ થતાં ૧૦૦૦ વર્ષ લાગે છે. તેને બાળવાથી પણ તે પર્યાવરણમાં ડાયોકસીન સહિત હાનિકારક વાયુઓ છોડે છે. પર્યાવરણ માટે ભારોભાર નુકસાનકારક એવા પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ દિનપ્રતિદિન વધી રહ્યો છે. જાગૃત નાગરિક તરીકે પર્યાવરણ અને આરોગ્ય માટે ખુબ જ હાનિકારક એવા પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ ટાળીને દરેક વ્યક્તિ પર્યાવરણને બચાવે તે હાલનાં ગ્લોબલ વોર્મિંગનાં સમયની માંગ છે. વર્તમાન સમયમાં પ્લાસ્ટિકનો વપરાશ સતત વધતો જાય છે.પ્લાસ્ટિક પ્રદૂષણથી ખોરાક અને પાણી પણ બાકાત રહયા નથી. પ્લાસ્ટિક બેગનો યૂઝ માત્ર એક મીનિટમાં થઈ જાય છે પરંતુ તેને પૃથ્વીમાં સડતા એક હજાર વર્ષ જેટલો સમય લાગે છે. જેમ બને એમ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ટાળીને કાપડની બનેલી થેલીઓનો જ ઉપયોગ કરવો જોઈએ. રોજીંદા જીવનમાં પ્લાસ્ટિકની સ્ટીકવાળા ઈયરબડસ, કટલેરી, બલુન માટે પ્લાસ્ટિક સ્ટીક, પ્લાસ્ટિકનાં ઝંડા, પ્લાસ્ટિકની પ્લેટ, કેન્ડી સ્ટીક, કપ, આઈસ્ક્રીમ સ્ટીક, સિગારેટનું પેકેટ, સ્ટ્રો, કાંટા, ટ્રે, ચમચી, રેપ કે પેક કરવાની ફિલ્મ, ચપ્પુ વગેરેનો ઉપયોગ ટાળવો જોઈએ. હવે જાગૃત થવાનો વારો લોકોનો છે.

# રાજ્યમાં વાહક જન્ય રોગ (વેક્ટર બોન ડિસીઝ-VBD) નિયંત્રણ માટે આરોગ્ય વિભાગની સરાહનીય કામગીરી

**★રાજ્યમા પ્રતિ વર્ષ સરેરાશ ૧.૪૭ કરોડ મેલેરિયા રોગ તપાસ, ૮૪ હજાર ડેન્ગ્યુ તપાસ અને ૧૭ હજાર જેટલી ચિકનગુનિયા રોગની તપાસ કરાય છે★**

.............

**★છેલ્લા ચાર વર્ષમાં મેલેરીયા રોગની તપાસ માટે ૫.૯૦ કરોડ બ્લડ સેમ્પલ ટેસ્ટ કરાયા : જેમાં ૨૮,૩૬૦ મેલેરીયાગ્રસ્ત દર્દી નોંધાયા★**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા રાષ્ટ્રીય વાહક જન્ય રોગ (ફ્મ્દ્ર) નિયંત્રણ કાર્યક્રમ હેઠળ સરાહનીય કામગીરી કરવામાં આવી છે. અત્રે છેલ્લા ચાર વર્ષની કામગીરીની સમીક્ષા કરીએ તો વર્ષ ૨૦૧૯ થી વર્ષ ૨૦૨૨ માં મેલેરીયા તપાસ માટે કુલ ૫.૯૦ કરોડ બ્લડ સેમ્પલ ટેસ્ટ કરાયા છે. જેમાંથી ૨૮,૩૬૦ જેટલા દર્દીઓ મેલેરીયાગ્રસ્ત નોંધાયા હતા. વિગતવાર જોઈએ તો વર્ષ ૨૦૧૯ માં ૧.૬૪ કરોડ પરીક્ષણમાં ૧૩,૮૮૩ કેસ, વર્ષ ૨૦૨૦ માં ૧.૩૦ કરોડની સામે ૪૭૭૧ , વર્ષ ૨૦૨૧ માં ૧.૪૨ કરોડની સામે ૪૯૨૧ અને ગત વર્ષ ૨૦૨૨ માં ૧.૫૧ કરોડ પરિક્ષણ કરતા ૪૭૮૫ મેલેરિયાના કેસો નોંધાયા હતા. મહત્વની બાબત એ પણ છે કે , વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦ માં કુલ બે મરણ નોંધાયા જ્યારે છેલ્લા બે વર્ષમાં મેલેરીયાથી એક પણ મરણ નોંધાયેલ નથી. આવી જ રીતે ડેન્ગ્યુ તપાસ માટે છેલ્લા ચાર વર્ષમાં કુલ ૩.૩૭ લાખ અને ચીકનગુનિયાની તપાસ માટે કુલ ૬૭ હજાર સિરમ સેમ્પલ તપાસવામાં આવ્યા હતા. જેમાંથી ડેન્ગ્યુના ૩૭,૬૮૪ અને ચીકનગુનિયાના કુલ ૬૮૩૮ જેટલા પોઝીટીવ કેસ નોંધાયા હતા. રાજયમા સરેરાશ ૮૪ હજાર ડેન્ગ્યુ તપાસ અને ૧૭ હજાર જેવી ચિકનગુનિયા રોગની તપાસ કરવામાં આવે છેઅત્રે વર્ષ ૨૦૨૧ ની સરખામણીમાં વર્ષ ૨૦૨૨ માં મેલેરિયાના કેસોમાં ૨.૭૬ %, ડેન્ગ્યુના કેસોમાં ૩૯.૧ % જ્યારે ચીકનગુનિયાના કેસોમાં ૭૪.૧ ટકા જેટલો મહત્વનો ઘટાડો નોંધાયો છે. વાહક જન્ય રોગ નિયંત્રણ સંદર્ભે વર્ષ ૨૦૨૩ની કામગીરીનો ચિતાર જોઈએ તો રાજયના તમામ જિલ્લાઓ અને હાનગરપાલિકા વિસ્તારોમાં વાહક જન્ય રોગ નિયંત્રણ કામગીરી માટેના અભિયાનના ભાગરૂપે હાઉસ ટુ હાઉસ સર્વેમાં તાવ સર્વેલન્સ અને સોર્સ રિડકશન, પોરાનાશક કામગીરી તથા પ્રચાર-પ્રસાર જેવી પ્રવૃતિઓના બે રાઉન્ડમાં તા. ૧૯ જુનથી ૨૯ જુન સુધીના પ્રથમ રાઉન્ડમાં ૭૫ ટકા વસ્તીને આવરી લઈને આ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જ્યારે જુલાઇ માસમાં તા. ૧૦ થી ૧૯ દરમિયાન બીજો રાઉન્ડ હાથ ધરવાનું આયોજન કરાયું છે. આ વર્ષે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દરમિયાન ૨.૪૯ લાખ લોહીના નમૂના લેવામાં આવ્યા છે જેમાં ૧૨ પોઝીટીવ કેસોમાં સંપૂર્ણપણે સારવાર પૂરી પડાઇ છે. સર્વેલન્સ દરમિયાન જોવા મળેલ ૪,૮૧,૧૮૬ મચ્છર ઉત્પતિ સ્થાનોનો સફળતાપૂર્ણ નાશ કરવામાં આવ્યો છે. વધુમાં લાર્વીસાઇડના ઉપયોગથી મચ્છર ઉત્પતિ સ્થાનો પણ નાબોદ કરાયા છે તથા ૧.૮૦ લાખ ઘરોમાં ફોગીંગની કામગીરી કરાઇ છે. વર્ષ ૨૦૨૩ દરમિયાન રાજ્યના ૨૧ જિલ્લાઓની મેલેરિયા માટે જોખમી ૩૧૯ ગામોમાં જંતુનાશક દવા છંટકાવ નિયત બે રાઉન્ડ હેઠળ આવરી લેવાનું આયોજન છે જેમાં પ્રથમ રાઉન્ડની કામગીરી પૂર્ણ કરાઇ છે બીજા રાઉન્ડની શરૂઆત ૧ લી ઓગષ્ટ થી હાથ ધરાશે.

# પ્લાસ્ટિક મુક્ત શહેર માટે મહાનગરપાલિકાની ડ્રાઇવ, ૩૫૦ કિલોગ્રામ પ્લાસ્ટિક એકત્ર કરવામાં આવ્યું



ગાંધીનગર શહેરને સિંગલ યુઝ પ્લાસ્ટિક મુક્ત શહેર બનાવવાના હેતુસર આજરોજ સેક્ટર ૨૧ ખાતે આવેલ માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં ગાંધીનગર મહાનગરપાલિકા તેમજ એસ્ટ્રલ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન ડ્રાઈવ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં શાળાનાં બાળકોને પોતાના ઘરેથી બિન જરૂરી/નકામુ પ્લાસ્ટિક લાવવા માટે જણાવવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ, શાળાના શિક્ષકો અને અન્ય કર્મચારીઓ પાસેથી અંદાજીત ૩૫૦ કિ.ગ્રા. પ્લાસ્ટિક વેસ્ટ કલેક્શન કરવામાં આવ્યું હતું. આ એકત્ર કરવામાં આવેલ પ્લાસ્ટિકને રિસાયકલ કરીને તેમાંથી ગૃહ ઉપયોગી વસ્તુઓ બનાવવામાં આવશે. આ પ્રયત્ન દ્વારા આજે ૩૫૦ કિ.ગ્રા પ્લાસ્ટિક વેસ્ટને ડમ્પ સાઈટ સુધી જતો અટકાવવામાં આવ્યો છે. મહાનગરપાલિકા દ્વારા ૫૦૦ ગ્રામથી વધારે પ્લાસ્ટિક લાવનાર ૨૧૨ વિદ્યાર્થીઓ/ શિક્ષકોને રિસાયકલ પ્લાસ્ટિકમાંથી બનાવેલ કુંડા આપવામાં આવ્યા હતા.

# આડેધડ વાહન પાર્કિંગ તથા ગંદકી બદલ ડી-માર્ટ સામે શિક્ષાત્મક કાર્યવાહી

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ડી-માર્ટ સહિતના કોમર્શિયલ એકમો સામે ગંદકી કરવા તથા આડેધડ પાર્કિંગના કારણે ટ્રાફિક સર્જવા બદલ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી છે. સરગાસણ ડી-માર્ટ ખાતે વાહનોનું બિન અધિકૃત દબાણ કરવામાં આવ્યું હતું. જેના લીધે ટ્રાફિક જામ થવાની સમસ્યા હતી તથા કાગળ અને પ્લાસ્ટિકનો કચરો જોવો મળ્યો હતો. જેથી ડી-માર્ટને નોટિસ આપી રૂપિયા ૧૦,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત ડી-માર્ટ પાસે આવેલા સોનલબેન ખાખરાવાળા નામની દુકાન પાસેથી રૂપિયા ૧૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો. તેમજ ફરીથી આવી ચૂક ન થાય તે માટે તાકીદ કરવામાં



આવી હતી.

હવે પછી જે પણ કોમર્શિયલ એકમો બેઝમેન્ટ પાર્કિંગ હોવા છતા વાહનો બહાર પાર્ક કરાવશે તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. જે કોમર્શિયલ એકમો પાસે બેઝમેન્ટ પાર્કિંગની સુવિધા છે તેઓએ ફરજિયાત બેઝમેન્ટમાં જ પાર્કિંગ કરાવવાનું રહેશે જેથી. રસ્તા પર અડચણરૂપ ન થાય. જો આવું કરવામાં ચૂક થશે તો શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.




ગાંધીનગરની કોલોની ખાતે વિદાય લેતા કર્મચારીઓ માટે વહિવટીતંત્ર દ્વારા વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.આ સમારંભમાં વયમર્યાદાને કારણે નિવૃત્ત થયેલ કાર્યપાલક ઈજનેર શ્રી સી.પી.પંચાલને જીઈબી એન્જીનીયર્સ એશોસીએશન દ્વારા મુખ્ય ઈજનેર શ્રી એચ. ટી.બથવાર સાહેબના હસ્તે સર્ટિફિકેટ અને સ્મૃતિચિન્હ આપી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.આ પ્રસંગે એશોસીએશનના એડી.જનરલ સેક્રેટરી (કૉ-ઓર્ડી.) શ્રી એ. ઝેડ. લીબાચીયા,એડી.જનરલ સેક્રેટરી શ્રી એમ.જે.પટેલ સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય ઈજનેરશ્રી તથા એશોસીએશન દ્વારા શ્રી સી.પી.પંચાલએ કંપની માં આપેલ સેવાઓને બિરદાવવામાં આવી હતી.(અહેવાલઃએ.ઝેડ.લિંબાચિયા )

# વડોદરામાં કોમી માનસિકતા ધરાવતા તથા તોફાનમાં સંડોવાયેલા ૩૦૦ થી વધુ આરોપીઓ પર પોલીસની વોચ




વડોદરા,તા.૦૧

વાડી અને પાણીગેટ પોલીસ સ્ટેશન વિસ્તારના કોમી તોફાનોમાં સંડોવાયેલા તથા કોમી માનસિકતા ધરાવતા ૩૦૦ થી વધુ આરોપીઓની હાલની પ્રવૃત્તિ પર પોલીસ તપાસ કરી રહી છે.કોમી તોફાનમાં સંડોવાયેલા અને કોમી માનસિકતા ધરાવતા આરોપીઓને હિલચાલ પર પોલીસ દ્વારા વોચ રાખવામાં આવી રહી છે. શહેરના સંવેદનશીલ વિસ્તારમાં થયેલા કોમી તોફાનોમાં સંડોવાયેલા પાણીગેટ તથા વાડી પોલીસ સ્ટેશનના કુલ ૧૩૪ આરોપીઓ તેમજ કોમી માનસિકતા ધરાવતા કુલ ૧૬૬ આરોપીઓ પર પોલીસ દ્વારા ગુપ્ત વોચ રાખવામાં આવી રહી છે. આરોપીઓના સોશિયલ મીડિયાના સંપર્કો બાબતે પણ તપાસ કરવામાં આવી રહી છે. જેના કારણે આરોપીઓની હાલમાં ચાલી રહેલી પ્રવૃત્તિઓને જાણકારી મળે અને તેઓ કોઈ ગુનાહિત પ્રવૃત્તિ કરવાની પ્લાનિંગ કરી રહ્યા હોય તો પોલીસ તેને અટકાવી શકે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.